
RAJASTHAN BOARD



Sample Papers 2023

Class 12

AGLASEM.COM

प्रश्न–पत्र की योजना

कक्षा – **12**

विषय –**गुजराती साहित्य**

अवधि – 3 घण्टे 15 मिनट पूर्णांक – 80

1. उद्‌देश्य हेतु अंकभार –

क्र.सं.	उद्‌देश्य	अंकभार	प्रतिशत
1.	ज्ञान	16	20
2.	अवबोध	32	40
3.	अभिव्यक्ति	24	30
4.	मौलिकता	08	10
योग		80	100

2. प्रश्नों के प्रकारवार अंकभार –

क्र. सं.	प्रश्नों का प्रकार	प्रश्नों की संख्या	अंक प्रति प्रश्न	कुल अंक प्रतिशत	प्रतिशत प्रश्नों का	संभावित समय
1.	वस्तुनिष्ठ	12	1	12 (15.10)	25	24
2.	अतिलघूत्तरात्मक	6+12	1	18 (22.50)	37.50	41
3.	लघूत्तरात्मक	11	2	22(27.50)	22.92	50
4.	दीर्घउत्तरीय प्रश्न	04	3	12(15.00)	8.33	40
5.	निबंधात्मक	03	5+5+6	16(20.00)	6.25	40
	योग	48		80(100%)	100.00	195

विकल्प योजना : आन्तरिक

3. विषय वस्तु का अंकभार –

क्र.सं.	विषय वस्तु	अंकभार	प्रतिशत
1	गद्य विभाग	22	27.50
2	पद्य विभाग	22	27.50
3	व्याकरण	14	17.50
4	लेखन	14	17.50
5	गद्य समीक्षा	8	10.00
	कुल योग	56	100

प्रश्न–पत्र ब्ल्यू प्रिन्ट

कक्षा –12 विषय :– गुजराती साहित्य पूर्णांक –80

क्र. सं.	उद्देश्य इकाई/उप इकाई	ज्ञान					अवबोध					ज्ञानोपयोग/अभिव्यक्ति					कौशल/मौलिकता					योग
		वस्तुनिष्ठ	अति.लघु	लघु उत्तरात्मक	दीर्घउत्तरीय	निबन्धात्मक	वस्तुनिष्ठ	अति.लघु	लघु उत्तरात्मक	दीर्घउत्तरीय	निबन्धात्मक	वस्तुनिष्ठ	अति.लघु	लघु उत्तरात्मक	दीर्घउत्तरीय	निबन्धात्मक	वस्तुनिष्ठ	अति.लघु	लघु उत्तरात्मक	दीर्घउत्तरीय	निबन्धात्मक	
1	गद्य विभाग	2(2)	2(2)				2(2)	2(2)	4(2)	3(1)		1(1)	2(2)	4(2)								22(16)
2	पद्य विभाग	2(2)	2(2)				2(2)	2(2)	4(2)			1(1)	2(2)	4(2)	3(1)							22(16)
3	व्याकरण	1(1)	2(2)	2(1)			1(1)	2(2)	2(1)				2(2)	2(1)								14(11)
4	लेखन					2(-)				3(1)	3(-)										6(2)	14(3)
5	गद्य समीक्षा				1(-)						2(-)				2(1)	1(-)					2(1)	8(2)
		5(5)	6(6)	2(1)	1(-)	2(-)	5(5)	6(6)	10(5)	6(2)	5(-)	2(2)	6(6)	10(5)	5(2)	1(-)					8(3)	80(48)
		16(12)					32(18)					24(15)					8(3)					80(48)

विकल्पों की योजना :– प्र.सं. ..... में एक आंतरिक विकल्प है। नोटः– कोष्ठक में बाहर की संख्या अंकों की तथा भीतर प्रश्नों की द्योतक है।

हस्ताक्षर

માધ્યમિક પરીક્ષા મોડલ પ્રશ્નપત્ર – ૨૦૨૩

વિષય : – ગુજરાતી સાહિત્ય

ધોરણ : – ૧૨

સમય : ૩ : ૧૫ કલાક

કુલ ગુણ : – ૮૦

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :

GENERAL INSTRUCTION TO THE EXAMINEES :

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(૩) દરેક પશ્નના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? ૧
(અ) ગુરૂનાં (બ) કવિના (ક) ભકતના (ડ) ગંગાસતીના

(૨) શેના કારણે વ્યકિત મેલોઘેલો રહે છે ? ૧
(અ) ધનના(બ) ભકિતના (ક) દવાના (ડ) જળના.

(૩) 'ના હઠવું " કવિતાના કવિનું નામ શું છે? ૧
(અ) શામળ(બ) નરસીંહ મહેતા (ક) મીરા (ડ) નર્મદ

(૪) કલ્યાણ કવિતામાં શેની કથા આવે છે. ૧
(અ) આત્માજ્ઞાની (બ) અમીર (ક) કલ્યાણની (ડ) ઈલાની

(૫) "ચાલ ફરીએ " કવિતાના કવિનું નામ શું છે ? ૧
(અ) ન્હાનાલાલ (બ) નિરંજનભગત (ક) સુન્દરમ (ડ) રાજેન્દ્રશાહ

(૬) 'ચહેરો" પાઠનો સાહિત્ય પ્રકાર જણાવો. ૧
(અ) ટુંકીવાર્તા (બ) નવલકથા (ક) નિબંધ (ડ) કવિતા

(૭) આંગળી ઝાલીને એને દોરજે પાઠમાં લેખકે કોની વાત કરી છે? ૧
(અ) શિક્ષક-વિદ્યાર્થી (બ) પિતા- પુત્ર (ક) ભાઈ-બહેન (ડ) માતા-પિતા

(૮) કંસારીને નાનપણ થી શું બનવાની ઈચ્છા હતી ? ૧
(અ) વેપારી (બ) કારીગર (ક) ખેડુત (ડ) લેખક

(૯) રેતીના હાથમાં કપડામાં વિંટાઈેલું શું હતું ? ૧
(અ) બાળક (બ) કપડા (ક) લાકડું (ડ) પૈસા

(૧૦) રાષ્ટ્ર રોગ પાઠમાં રાષ્ટ્ર રોગ કોને કહેવામાં આવ્યો છે ? ૧
(અ) કામચોરી(બ) નફાખોરી (ક) વ્યાજખોરી (ડ) બિમારી

(૧૧) 'તમે કાયર નથી' વાકયનો પ્રકાર જણાવો ૧
(અ) નિષેધ વાકય (બ) વિધિવાકય (ક) ઉદગારવાકય (ડ) પ્રશ્નવાકય

(૧૨) નીચેના માથી સાચી જોડણી જણાવો. ૧
(અ)સહાનુભુતિ(બ) સહાનુભૂતી (ક) સહાનુભૂતી (ડ) સહાનુભૂતિ

પ્રશ્ન : ૨ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.
(૧) .....માણ, રે મન , મળે એટલું માણ ૧
(૨) કવિ નદીની રેતીમાં.....ન મળવાની વાત કરે છે. ૧
(૩) 'મીનુ' પાઠમાં મીનું .....નું નામ હતું ૧
(૪) એક સમયનું જેસલમેર પાઠના લેખકનું નામ.....છે ૧
(૫) આકાશનો વિરોધી શબ્દ .....થાય. ૧
(૬) રાષ્ટ્રની પ્રજાની વળગેલો રોગ " શબ્દને શબ્દસમુહ માટે એક શબ્દ.....છે ૧

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

(૧) તડકાનું આગમન કયારે અને કયાંથી થાય છે? ૧
(૨) તેજલીના દાદાનું નામ શું હતું ? એ કેવી રીતે ખબર પડી ? ૧
(૩) વિપદ પડે પણ વાણસે નહી નો અર્થ જણાવો. ૧
(૪) દાદાજી કયાં અને કયારે વાતો કરતા હતા? ૧
(૫) વર્ષાના પિતા શર્માજીની ખાંસી શાં કારણે વધી ગઈ હતી? ૧
(૬) 'પેટ' પાઠમાં લેખક કોને મળવા ગયા હતા? ૧
(૭) મમ્મી અનન્યાને મોબાઈલ લેવાની શા માટે ના પાડતી હતી? ૧
(૮) લેખકને મનુકાકાએ કયુ કામ સોપ્યુ હતું? ૧
(૯) ઉત્પેક્ષા અલંકારનું એક ઉદાહરણ જણાવો. ૧
(૧૦) 'એનાથી નિર્ણય લઈ લેવાયો'' વાકયને કર્તરી વાકય બનાવો ૧
(૧૧) વિશેષણ ની પરિભાષા જણાવો. ૧
(૧૨) 'તે ખરાબ માણસ નથી 'વાકયને વિધિ વાકયમાં ફેરવો ૧

વિભાગ –બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો.

પ્રશ્ન : ૪ કાવ્યના આધારે સાચા હરીજન ના લક્ષણો જણાવો. ૨
પ્રશ્ન : ૫ કલ્યાણ ચોરો શા માટે ચણાયો હતો? ૨
પ્રશ્ન : ૬ કવિ રસ્તે મળતી વ્યકિતને શું શું આપવા ઈચ્છે છે ? ૨
પ્રશ્ન : ૭ કવિ આંખમાં શું શું ભરી લેવાની વાત કરે છે? ૨
પ્રશ્ન : ૮ ઘરના પગથિયા ઉતરતા જ બાળકને કેવા કેવા અનુભવો થશે? ૨
પ્રશ્ન : ૯ રાજાએ દીકરીની માફી શા માટે માંગી હતી? ૨
પ્રશ્ન : ૧૦ બાળકને ચિત્રમાં શા માટે વીંટાળ્યું હતું બે કારણો આપો. ૨
પ્રશ્ન : ૧૧ કામ ન કરે તેવાને તરત જ નોકરી માંથી કાઢી મુકે એવો નિયમ કયા કયા દેશોમાં છે? ૨
પ્રશ્ન : ૧૨ શીખરિણી છંદનું બંધારણ લખી ઉદાહરણ આપો ૨
પ્રશ્ન : ૧૩ ઉપમા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ આપો? ૨
પ્રશ્ન : ૧૪ નીચેના વાકયો નું વાકય વિશ્લેષણ કરો. ૨

(૧) કંસારી એક શકિતશાળી રાજાની દીકરી હતી.
(૨) એ રાજકુવરી હતી છતાં નાનપણથી જ તેને ખેડુત બનવું હતું

વિભાગ – ક (C)

નીચે આપેલા પ્રશ્નોના ત્રણથી ચાર વાકયોમાં ઉત્તર આપો.

પ્રશ્ન : ૧૫ નીચેની કાવ્ય પંકિતઓનો ભાવાર્થ સમજાવો. ૩

'' સમદરની જલહરી જેવી અખુટ તૃષ્ણામાળા,
એક સમયે ત્યાં અનેક જાગી બાંધે જલની જાળ''

(અથવા)

'' ભરેલો શ્વાસમાં એની સુગંધનો દરિયો, પછી આ માટીની ભીની અસર મળે ન મળે''

પ્રશ્ન : ૧૬ આપણી આશાઓના બીજ દ્વારા લેખક આપણને શું સંદેશો આપે છે ? ૩

(અથવા)

જેસલમેરનું પ્રાચીન ઐતિહાસિક મહત્વ જણાવો.

પ્રશ્ન : ૧૭ નીચે આપેલ કાવ્ય પંકિતનો વિચાર વિસ્તાર કરો. ૩

'' સ્વદેશે પૂજયતે રાજા , વિદ્વાન સર્વત્ર પૂજયતે ''

(અથવા)

'' સુખ સમયે છકી નવ જવું ,દુ:ખમાં ન હિંમત હારવી ''

પ્રશ્ન : ૧૮ નીચે આપેલા પઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

''આ જીવનમાં વસવા માટે શ્રદ્ધા,પ્રેમ અને હિંમત જોઈએ એથી હે જગત ,તુ તેની કોમળ આંગળી પકડી ને દરરોજ એને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધાં જ પાઠ મૂદાતાથી શીખવજે એણે શીખવું તો પડશે જ હું જાણું છું કે આ દુનિયામાં બધાં જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતાપણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે. તો બીજી બાજુ સંત લોકો પણ છે.''

પ્રશ્ન : ૧ . આ જગતમાં વસવા માટે શેની જરૂર છે ? ૧

૨. લેખકે જગતને શું કરવાનું કહે છે? ૧

૩. લેખકના મતે દુનિયાના લોકો કેવા કેવા હોય છે ? ૧

વિભાગ- ૩ (D)

પ્રશ્ન : ૧૯ નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે પોતે તાપમાં તપીને અને અસહય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો પણ વૃક્ષો જેવા હોય છે સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ મારે . ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો તજતા નથી તેઓ ગમે તે સ્થિતિમાં હોય પરંતુ તેઓ પોતાના માર્ગ માંથી ચલિત થશે નહી જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનુંજીવન સાર્થક કરે છે.

પ્રશ્નો :

(૧) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે ? ૧

(૨) સુખડ શેરડી અને સોનાની શી વિશેષતા છે ? ૧

(૩) કોનું જીવન નિરર્થક છે ? ૧

(૪) ઉદાર મનુષ્ય શું કરે છે ? ૧

(૫) ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો . ૧

પ્રશ્ન : ૨૦ નીચે આપેલા વિષયમાંથી કોઇ એક વિષય ઉપર નિબંધ લખો ૬

(૧) માતૃપ્રેમ

(૨) હાય રે મોઘવારી

(૩) મારો પ્રિય તહેવાર

(૪) ભ્રષ્ટાચાર ભગાવો દેશ બચાવો.

પ્રશ્ન : ૨૧ નીચેના આપેલા મુદ્દાઓના આધારે વાર્તા લખો. ૫

એક ગામડાના માણસનું શહેરમાં જવુ-મીઠાઈની દુકાને ઉભા રહેવું-લુચ્ચો દુકાનદાર – મીઠાઈની સુગંધ લીધી તેની કિંમત ચૂકવો – ગામડિયાની મુઝવણ – ડાહયા માણસની સલાહ – ખિસ્સાનું પરચૂરણ ખખડાવવું –પૈસા વસુલ કરીલો – દુકાનદાર ભોઠો પડવો – સાર.

.

.....સમાપ્ત.....